ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં નમૂનાઓનું પૃથ્થક્કરણ /તાલીમ માટેનું ફીનું ધોરણ પુનઃનક્કી કરવા બાબત .

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ફસલ/૧૦૨૦૦૩/મંત્રી-૫/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૮/૦૯/૨૦૧૪

<u>સંદર્ભ</u>:-

૧. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ તા: ૧૮/૧૦/૨૦૦૪નો ઠરાવ.
૨. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૮/૧૧/૨૦૦૬નો ઠરાવ.
૩. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૫/૫/૨૦૦૮નો ઠરાવ.
૪. ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા: ૮/૧૦/૨૦૦૯નો ઠરાવ
૫. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરનો તા.૧૬/૦૬/૨૦૧૪નો પત્ર ક્રમાંક: ડીએફએસ/ક-૧/૨૫૮૪/૨૦૧૪.

<u>*ઠરાવ*</u>:-

આમુખના ક્રમાંક: (૧) અને (૨) તેમજ (૩) અને (૪) આગળના ઠરાવ અને સુધારા ઠરાવથી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતા ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી/પૃથ્થકરણ તથા ફોરેન્સીક સાયકોલોજી જુથમાં આવતા બ્રેઇન ફિંગર પ્રિન્ટીંગ અને નારકો પરીક્ષણના કિસ્સામાં ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

૨. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આમુખ ક્રમાંક: (૪) આગળના પત્રથી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતાં નમુનાઓનું પૃથ્થકરણ /તાલીમ માટેની ફીનું ધોરણ પુનઃ નક્કી કરવા અંગેની દરખાસ્ત અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વસાવેલા અદ્યતન સાધનો અને રસાયણ-ગ્લાસવેર્સના વધતા જતા ભાવો તેમજ તાંત્રીક કર્મચારીઓના પગાર ભથ્થાંમાં થયેલ વધારા અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની કામગીરીનો વાણિજ્યીક ઉપયોગ કરવાના હેતુને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકાર, અન્ય રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા પ્રયોગશાળામાં પૃથ્થક્કરણ અર્થે મોકલાતા નમુનાઓના પરીક્ષણના હાલના ફી ના ધોરણોમાં સુધારો કરવાનું આવશ્યક જણાતા કાળજીપુર્વકની વિચારણાના અંતે આથી નીચે મુજબની પરિક્ષણ ફી ના દર નક્કી કરવામાં આવે છે.

| ક્રમ (૧) | નમૂનાનો પ્રકાર (૨) | પરીક્ષણ ફીનો દર (3) |
|---|---|---|
| ૧. | ટોકાસીકોલોજી પરીક્ષણો | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૨. | સીરોલોજીકલ/બાયોલોજીકલ પરીક્ષણો | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૩. | બેલેસ્ટીક પરીક્ષણો | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૪. | બ્લડ આલ્કોહોલ પરીક્ષણો | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૫. | ફીઝીક્સ અને કેમીકલ પરાક્ષણો | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૬. | વોઇસ આઇડેન્ટીફીકેશન | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૭. | ડી.એન.એ. | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| ૮. | સાઇબર ક્રાઇમ | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| ૯. | ફોરેન્સીક ફોટોગ્રાફી | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૧૦ | ફોરેન્સીક સાયકોલોજી | |
| | (૧) બ્રેઇન ફીંગર પ્રિન્ટીંગ | નમૂના દીઠ રૂ.૫૦૦૦૦/- |
| | (૨) નારકો એનાલીસીસ | નમૂના દીઠ રૂ.૫૦૦૦૦/- |
| | (૩) પોલીગ્રાફી | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| | (૪) હિપ્નોસીસ | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| | (૫) સાયકોલોજીકલ પ્રોફાઇલીંગ | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| | (૬) સસ્પેક્ટ ડીકટેશન | નમૂના દીઠ રૂ.૧૦૦૦૦/- |
| ૧૧. | નાગરિક પુરવઠા સહિતના (ગૃહ વિભાગ હસ્તક સિવાયની) તમામ સરકારી/અર્ધસરકારી વિભાગો તરફથી આવતાનમૂનાઓની ચકાસણી બાબતે ફીનો દર | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |
| ૧૨. | ગૃહ વિભાગ હસ્તક સિવાયના તમામ સરકારી/અર્ધસરકારી વિભાગો/ કચેરીમાટે સ્થળ મુલાકાત લઇ તાંત્રિક અભિપ્રાય આપવાના કિસ્સાઓ માટે મુલાકાત દીઠ | નમૂના દીઠ રૂ.૫૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૩. | નારકો એનાલીસીસ બ્રેઇન ફીંગર પ્રિન્ટીંગના અગ્રીમતાના કેસોની ફી | નમૂના દીઠ રૂ.૧,૦૦,૦૦૦/- |
| ૧૪. | સરકાર પક્ષકાર ન હોય તેવા ખાનગીવ્યક્તિઓ/આરોપીઓ દ્વારા કેસોનીતપાસ | નમૂના દીઠ રૂ.૫૦૦૦૦/- અદાલતમાં સાક્ષી તરીકે બોલાવે ત્યારે કલાક દીઠ રૂ.૧૦૦૦/- |

૩.ઉપરોક્ત કોષ્ટકના કોલમ(૩)ના આ દરો ગુજરાત સરકાર ગૃહ વિભાગ સિવાયના ગુજરાત સરકારના તેમજ અન્ય સરકારી/અર્ધસરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતાં નમુનાઓની ચકાસણી માટે લાગુ પડશે, અને નમુનાઓના પૃથ્થક્કરણ/પરીક્ષણની ફી પેટે આવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરવાની રહેશે.

૪. આ સુધારેલ દરોનો અમલ તા: ૦૧/૦૯/૨૦૧૪થી કરવાનો રહેશે.

૫.આ અંગેની થનાર આવક અંદાજપત્રના સદર “૦૫૫-પોલીસ-૮૦૦-બીજી આવક (૦૪) પરચૂરણ” ખાતે જમા કરાવવાની રહેશે.

૬. વધુમાં દર બે વર્ષે આ દરોમાં ૧૦% વધારો કરવાનું પણ આથી નક્કી કરવામાં આવે છે. આ બાબતમાં ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ સમયસર ફી વધારા અંગે ગૃહ વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

૭.. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૦૫/૮/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતિ તેમજ સરકારશ્રીની તા: ૧૬/૦૮/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામક, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જુનાગઢ/સુરત/વડોદરા/રાજકોટ
- એ.જી.ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

(P.T.O)

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ જુનાગઢ/સુરત/વડોદરા/રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ , સચિવાલય, ગાંધીનગર .
- સેક્શન અધિકારી/ચ શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર ( આ અંગેની પ્રસિધ્ધી વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- આઇટી સેલ, ગૃહ વિભાગ. વિભાગની વેબ સાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ. શાખા/ના.સે.અ.